**સ્માર્ટ સિટી વડોદરાનું વરવું દ્રશ્ય : સત્તાધીશો બન્યા ગાંધીજીના ત્રણ બંદર**

# ગોયા ગેટમાં 90 દિવસથી નળમાં આવે છે ગંદુ પાણી, તંત્ર નિદ્રાધીન અવસ્થામાં!

નાગરિકો ટેન્કરો મારફતે પાણી મંગાવવા મજબૂર, તંત્ર પાસે કોઇ જવાબ જ નથી



(પ્રતિનિધિ) વડોદરા, તા.12
વડોદરા સ્માર્ટ સિટી વડોદરાના વોર્ડ નંબર 13 માં આવતા ગોયા ગેટ વિસ્તારમાં છેલ્લા ત્રણ મહિનાથી પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. વિકાસના કામો વચ્ચે સ્થાનિક તંત્રની બેદરકારીને કારણે અહીંના 1200 થી વધુ પરિવારો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. વિસ્તારમાં નળ વાટે આવતું પાણી પીવાલાયક તો દૂર, વાપરવા લાયક પણ ન હોવાની ફરિયાદો ઉઠી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા 90 દિવસથી નળમાં સતત કાળું અને અત્યંત દૂષિત પાણી આવી રહ્યું છે. ગંદા પાણીને કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે. નાના બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્યને લઈને પરિવારો ચિંતાતુર છે. શુદ્ધ પાણીના અભાવે લોકોને હવે પીવાના પાણી માટે મોંઘા ભાવના ખાનગી ટેન્કરો અથવા કોર્પોરેશનના ટેન્કરો પર નિર્ભર રહેવું પડી રહ્યું છે.

સમસ્યાનું મુખ્ય કારણ નવી પાઈપલાઈન નાખવાની ધીમી કામગીરી હોવાનું સામે આવ્યું છે. તંત્ર દ્વારા જૂની પાઈપલાઈન બંધ કરી દેવામાં આવી છે, પરંતુ તેની સામે નવી લાઈન નાખવાનું કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું છે.

ખોદકામ અને અધૂરા કામને કારણે સ્થાનિકોને અવરજવરમાં પણ મુશ્કેલી પડી રહી છે અને પાણીની કટોકટી વધુ ઘેરી બની છે. આ મામલે વિપક્ષના સ્થાનિક કાઉન્સિલર બાળુ સુર્વેએ આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે નગરપાલિકાના અધિકારીઓ પર નિશાન સાધતા જણાવ્યું હતું કે, "એક તરફ સરકાર ઘરે ઘરે શુદ્ધ પાણીના દાવા કરે છે, ત્યારે બીજી તરફ ગોયા ગેટના 1200 પરિવારો ત્રણ મહિનાથી ટીપે ટીપા માટે તરસી રહ્યા છે. તેમણે માંગ કરી છે કે નવી પાઈપલાઈનનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવે. જો આગામી દિવસોમાં શુદ્ધ પાણી પુરવઠો નિયમિત નહીં થાય, તો સ્થાનિક રહીશોને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ તેમણે આપી છે.

**આરોગ્ય મંત્રી આ હોસ્પિટલની મુલાકાત લે તો જ તંત્ર સુધરે તેવી પેશન્ટની ઉગ્ર માંગ**

# ગોત્રી હોસ્પિટલ 'રામ ભરોસે': ગંભીર દર્દીને 5 કલાક તડપતો રાખ્યા બાદ સારવાર આપવાનો ઈનકાર

"મધરાતે 1 વાગ્યે હવે અમે ક્યાં જઈએ? વહેલા કીધું હોત તો ખાનગીમાં જાત! : આણંદથી સારવાર માટે આવેલા દર્દીનો આક્રોશ



**દર્દીની વ્યથા અને આક્રોશ**

પીડિત દર્દી નરેન્દ્રભાઈએ રોષે ભરાઈને જણાવ્યું હતું કે, "મને દર 10 મિનિટે ઝાડા-ઉલટી થઈ રહ્યા છે, મારી હાલત ખૂબ ખરાબ છે. જો હોસ્પિટલમાં પેટના ડોક્ટર નહોતા, તો અમને આઠ વાગ્યે જ કેમ ન કીધું? જો વહેલી ખબર પડી હોત તો અમે સમયસર કોઈ ખાનગી હોસ્પિટલમાં જઈને સારવાર કરાવી શક્યા હોત.

(પ્રતિનિધિ) વડોદરા, તા.12
શહેરની જાણીતી ગોત્રી હોસ્પિટલ ફરી એકવાર વિવાદના ઘેરામાં આવી છે. દૂર-દૂરથી ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ જ્યાં આશા સાથે સારવાર માટે આવે છે, ત્યાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. બોરસદથી પેટની ગંભીર તકલીફ સાથે આવેલા એક દર્દીને કલાકો સુધી રાહ જોવડાવ્યા બાદ ડોક્ટરોએ સારવાર આપવાનો ઈનકાર કરી દેતા હોસ્પિટલ પરિસરમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ધર્મજ પાસેના ધોરકુઈ ગામના રહેવાસી નરેન્દ્રભાઈ બાબુભાઈ પરમારને છેલ્લા ત્રણ દિવસથી ઝાડા-ઉલટીની ગંભીર સમસ્યા હતી. સારવાર માટે તેઓ રાત્રે આઠ વાગ્યે વડોદરાની ગોત્રી હોસ્પિટલના તાત્કાલિક વિભાગમાં પહોંચ્યા હતા. દર્દીના જણાવ્યા અનુસાર, તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને પાંચ કલાક સુધી ત્યાં જ બેસાડી રાખવામાં આવ્યા હતા. પરંતુ, જ્યારે મધરાતે એક વાગ્યો ત્યારે ફરજ પરના ડોક્ટરોએ અચાનક એવું કહીને હાથ ઊંચા કરી દીધા કે, 'અત્યારે અહીં પેટના કોઈ ડોક્ટર હાજર નથી.' આ સાંભળીને દર્દી અને તેમના સગા ચોંકી ઉઠ્યા હતા.

સ્થાનિકો અને દર્દીઓમાં એવી ચર્ચા છે કે હોસ્પિટલના ડોક્ટરો માત્ર પગાર લેવામાં જ મસ્ત છે .પીડિત દર્દીએ એવી પણ માંગ કરી છે કે આરોગ્ય મંત્રી કે મુખ્યમંત્રીએ રૂબરૂ મુલાકાત લઈ આ હોસ્પિટલના કથળેલા તંત્રને સુધારવું જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ ગરીબ દર્દીને આવી હાલાકી ભોગવવી ન પડે.

**વડોદરામાં ટ્રાફિક સમસ્યા જૈસે થે : ઠેરઠેર વાહનોની લાંબી કતારો**

# VIP રોડ પર વાહનોની લાંબી કતારોથી અનેક વાહનચાલકોને હેરાનગતિ



(પ્રતિનિધિ) વડોદરા, તા.12
વડોદરા શહેર હવે ટ્રાફિકની ગંભીર સમસ્યા સામે ઝઝૂમી રહ્યું છે, જેના કારણે શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને શહેરના મુખ્ય માર્ગો પર વારંવાર સર્જાતા ટ્રાફિક જામના દ્રશ્યોએ લોકોની ધીરજ ખૂટાડી દીધી છે. ટ્રાફિકની આ વિકટ પરિસ્થિતિને કારણે ટ્રાફિક પોલીસની કામગીરી પર પણ ગંભીર સવાલો ઊભા થયા છે. VIP રોડ પર કલાકો સુધી ટ્રાફિક જામ. આજે, શહેરના સૌથી વ્યસ્ત ગણાતા VIP રોડ પર ટ્રાફિક જામની ભયાવહ સ્થિતિ જોવા મળી હતી. અમિતનગર ફ્લાયઓવર બ્રિજથી લઈને L|T સર્કલ સુધી વાહનોની જાણે કે લાંબી કતાર લાગી ગઈ હતી. સવારના અને સાંજના પીક અવર્સમાં તો આ રોડ પરથી પસાર થવું એક માથાના દુખાવા સમાન બની ગયું છે. ત્યારે આજ રોજ બપોરના 1:30 વાગે અમિતનગર ફ્લાયઓવર બ્રિજ ઊતરીને L|T સર્કલ તરફ જતા ખુબજ ટ્રાફિક જોવા મળ્યો.

વાહનચાલકો અને મુસાફરોને તેમના સ્થાને પહોંચવામાં કલાકોનો વિલંબ થયો. નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ અને રોજબરોજના કામ માટે નીકળેલા લોકો સમયસર ન પહોંચી શકતાં તેમની દિનચર્યા ખોરવાઈ હતી. લોકોનો આક્ષેપ છે કે ટ્રાફિકની સમસ્યા વધવા છતાં, ચોક્કસ સ્થળોએ ટ્રાફિક પોલીસનો પૂરતો બંદોબસ્ત જોવા મળતો નથી. જ્યાં જામની સ્થિતિ સર્જાય છે, ત્યાં પણ ટ્રાફિકને નિયંત્રિત કરવામાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે પરિસ્થિતિ વધુ વણસે છે. "રોજ આ જ હાલત છે. પોલીસ માત્ર દંડ વસૂલવામાં વ્યસ્ત હોય તેવું લાગે છે, ટ્રાફિક નિયંત્રણમાં કોઈને રસ નથી. અમિતનગરથી L|T સર્કલનું અંતર કાપવામાં આજે 45 મિનિટ લાગી," એક પરેશાન વાહનચાલકે પોતાનો રોષ વ્યક્ત કર્યો. ટ્રાફિકના આ વધતા દબાણ પાછળ ગેરકાયદે પાર્કિંગ, લારી-ગલ્લાંનું દબાણ અને પોલીસની ઢીલી નીતિ જવાબદાર હોવાનું શહેરીજનો માની રહ્યા છે.

**16 જેટલા કોર્સિસ માટેની પ્રવેશ લાયકાતો નિયમો કમિશન દ્વારા જાહેર**

# ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી માટે નીટની પરીક્ષા લેવાશે

કમિશને યુજીસીને પત્ર લખી ડિગ્રી ડિપ્લોમા પીજી પીએચડી કોર્સ માટે નવી લાયકાતો નિયમો અંગે જાણ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.12
પેરા મેડિકલના અને અલાઈડ હેલ્થ કેર ના વિવિધ 57 જેટલા કોર્સિસ માટે નેશનલ કમિશન ફોર અલાઈડ હેલ્થ કેર પ્રોફેશનલની રચના કરવામાં આવી છે. ત્યારે જુદી જુદી 10 કેટેગરીમાં સમાવાયેલા કોર્સિસમાંથી 16 જેટલા કોર્સિસ માટેની પ્રવેશ લાયકાતો નિયમો કમિશન દ્વારા જાહેર કરી દેવામાં આવી છે. ધોરણ 12 ન્યુટ્રીશન ઓક્ટોમેટ્રિક અને સાયકોલોજી કોર્સમાં પ્રવેશ માટે નીટ નહિ લેવાય. માત્ર ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી એમ બે કોર્સ માટે જ નીટ લેવાશે. એટલે આ કોર્સમાં નીટના આધારે પ્રવેશ આ કોર્સમાં હવે મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથી ઉપરાંત ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સહિત કુલ છ કોર્સ માટે નીટ લેવાશે. જોકે આમ તો એનટીએ દ્વારા નર્સિંગ માટે પણ નીટ લેવાય છે. પરંતુ, ગુજરાતમાં નીટના આધારે નર્સિંગમાં પ્રવેશ થતા નથી. હાલ કમિશન દ્વારા 10 કેટેગરીમાં વિવિધ ડિપ્લોમા અને પીએચડી સુધીના કોર્સિસમાં પ્રવેશ માટેની લાયકાતો નિયમો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં મેડિકલ લેબોરેટરી એન્ડ લાઈફ સાયન્સ કેટેગરીમાં મેડિકલ લેબોરેટરી સાયન્સ સ્ટ્રોમા બર્નકેર એન્ડ સર્જીકલ, એનેસ્થેસિયા કેટેગરીમાં ટ્રોમાં એન્ડ બર્ન એન્ડ ઓપરેશન થિયેટર ટેકનોલોજી ફિઝિયોથેરાપી કેટેગરીમાં ફિઝિયોથ થેરાપી યુજી પીજી પીએચડી, ન્યુટ્રિશન સાયન્સ કેટેગરીમાં ન્યુટ્રીશન એન્ડ સાયન્સ થેરાપી કેટેગરીમાં, થેરાપીસ્ટ કોમ્યુનિટી બીહેવિયરલ હેલ્થ કેટેગરીમાં સાયકોલોજિસ્ટ બીહેવિયરલ એનાલિસ્ટ મેડિકલ સોશિયલ વર્કમાં સાયક્રિયાટિક સોશિયલ વર્ક કોર્સ માટે પ્રવેશ લાયકાત જાહેર કરાય છે.

**જલેબી, ચીકી અને ઉંધિયુંના નમૂના સીલ કરાતા ભેળસેળિયા વેપારીઓમાં ફફડાટની લાગણી**

# ઉત્તરાયણની મજા ન બગડે તે માટે પાલિકા દ્વારા વડોદરાના ફૂડ યુનિટ્સમાં વ્યાપક દરોડા

(પ્રતિનિધિ) વડોદરા, તા.12
વડોદરા ઉત્તરાયણના પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે વડોદરાવાસીઓના આરોગ્યની જાળવણી માટે વડોદરા મહાનગરપાલિકાનો આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો છે. તહેવારો દરમિયાન ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ રોકવા અને નાગરિકોને શુદ્ધ આહાર મળી રહે તે હેતુથી પાલિકાની ટીમોએ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ફરસાણની દુકાનો અને ફૂડ યુનિટ્સમાં કડક તપાસ હાથ ધરી છે. ઉત્તરાયણ નિમિત્તે વડોદરામાં ઉંધિયું, જલેબી, સેવ અને ચીકીની માંગમાં તોતિંગ વધારો થતો હોય છે. આ તકનો લાભ ઉઠાવી કેટલાક વેપારીઓ હલકી ગુણવત્તાનો સામાન ન પધરાવે તે માટે આરોગ્ય અમલદાર પ્રશાંત ભાવસારના માર્ગદર્શન હેઠળ પાલિકાની બે થી વધુ ટીમોએ મેદાનમાં ઉતરી ચેકિંગ શરૂ કર્યું છે. શહેરના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ ઝોનમાં આવેલી નામી-અનામી ફરસાણની દુકાનોમાં સવારથી જ તપાસનો ધમધમાટ જોવા મળ્યો હતો. પાલિકાની આ ઓચિંતી તપાસને પગલે બિનઆરોગ્યપ્રદ ખોરાકનું વેચાણ કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આરોગ્ય અમલદાર પ્રશાંત ભાવસારે જણાવ્યું હતું કે, "લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા કોઈપણ વેપારીને બક્ષવામાં આવશે નહીં. જો લેબોરેટરી રિપોર્ટમાં કોઈ ખામી જણાશે તો સંબંધિત વેપારી સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

**નમૂનાઓ લેવાયા, સ્વચ્છતા મુદ્દે વેપારીઓને નોટિસ**



♦ તપાસ દરમિયાન આરોગ્ય વિભાગની ટીમોએ માત્ર ખાદ્યપદાર્થોની ગુણવત્તા જ નહીં, પરંતુ તે બનાવવાની પ્રક્રિયા અને રસોડાની સ્વચ્છતાની પણ ઝીણવટભરી તપાસ કરી હતી.
♦ **નમૂનાની કાર્યવાહી:** ટીમો દ્વારા શંકાસ્પદ જણાતા ઉંધિયું, સેવ, જલેબી અને ચીકીના નમૂનાઓ સ્થળ પરથી લેવામાં આવ્યા છે, જેને પૃથ્થકરણ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. ♦ **કડક સૂચના:** જે એકમોમાં ગંદકી જોવા મળી હતી અથવા નિયમોનું ઉલ્લંઘન થતું જણાયું હતું, તેમને તાત્કાલિક સુધારો કરવા ચેતવણી આપવામાં આવી છે.

**માંજલપુર પોલીસે રેડ કરતા જુગારીઓમાં દોડધામ મચી ગઇ**

# મકરપુરા GIDCમાં દરગાહની પાછળથી જુગાર રમતા 8 ખેલીની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા, તા.12
વડોદરાના મકરપુરા જીઆઈડીસીમાં આવેલી લકી હોટલ પાસે ગલીમાં દરગાહની પાછળ ચાલતા જુગાર પર માંજલપુર પોલીસે દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે સ્થળ પરથી 8 ખેલી ઝડપાઈ ગયા હતા. પોલીસ દ્વારા તેમની પાસેથી રોકડા રકમ સહિત રૂપિયા 17 હજારનો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો છે. મકરસંક્રાંતિના તહેવારને લઈને વડોદરા શહેર પોલીસ વિભાગ દ્વારા પ્રતિબંધિત ચાઈની દોરી, તુક્કલ સહિતના વસ્તુની ગેરકાયદે હેરાફેરી તથા વેચાણ પર નજર રાખવા માટે પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. માંજલપુર પોલીસ જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમીયાન બાતમી મળી હતી કે મકરપુરા જીઆઈડીસીમાં આવેલી લક્કી હોટલ પાસેની ગલીમાં દરગાહની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો ભેગા થઈ જુગાર રમી રહ્યાં છે. જેના આધારે પોલીસની ટીમે બાતમી મુજબની જગ્યાએ રેડ કરી હતી. ત્યારે મકરપુરા જી.આઈ.ડી.સી. લક્કી હોટલ પાસે આવેલ ગલીમાં દરગાહની પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી.

**ઝડપાયેલા જુગારીઓના નામ અને સરનામા**

દીપક પ્રકાશ ઠાકુર (રહે. હાઉસિંગ મકાન માણેજા,મૂળ યુપી, અજય અભેસિંહ સલાટ (રહે.જ્યુપીટર સર્કલ પાસે ), ઈનાયત શબ્બીર દીવાન (રહે. મદની મહોલ્લો પાણીગેટ શાકમાર્કેટ ગંજખાનાની સામે) ક્રિપાલ જયેંદ્રસિંહ જાડેજા (રહે. હેતલનગર અલવાનાકા,માંજલુર), જુબેર યુસુફ મેમણ (રહે. આયેશા એપાર્ટમેન્ટ બાવાનપુરા પાણીગેટ), સુભાષ ઉર્ફે જયેશ ગોપાલ માળી (રહે. માળી મહોલ્લા, ચાર માતાના મંદિર પાસે, મકરપુરા), પિયુશ ગોપાલ રાઠવા (રહે.બહુચરનગર 1 અલવાનાકા માંજલપુર), અનિલ ઉર્ફે પિંટુ લક્ષ્મણ બાવસ્કર (રહે. અમરકૃપા સોસાયટી, મારુતિધામ વડોદરા)

**નશા મુક્ત ભારત અભિયાનને વેગ આપવાનો પ્રયાસ**

# GMERS મેડિકલ કોલેજ, ગોત્રી ખાતે DAWN સ્કીમ - 2025 અંતર્ગત ડ્રગ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
નશા મુક્ત ભારત અભિયાનને વેગ આપવા અને યુવાનોમાં ડ્રગ્સના દુરુપયોગ અંગે જાગૃતિ લાવવાના ઉમદા ઉદ્દેશ સાથે GMERS મેડિકલ કોલેજ, ગોત્રી ખાતે તાજેતરમાં DAWN (Drug Awareness and Wellness Navigation) સ્કીમ - 2025 અંતર્ગત એક વિશેષ ડ્રગ જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મેડિકલના વિદ્યાર્થીઓ જેઓ ભવિષ્યના ડૉક્ટરો અને સમાજના આધારસ્તંભ છે તેઓમાં નશીલા દ્રવ્યોના સેવન વિરુદ્ધ સચોટ જાગૃતિ લાવવાનો હતો. આ પહેલનો ધ્યેય માત્ર માહિતી આપવાનો જ નહીં, પરંતુ નશામુક્ત ભારત અને સ્વસ્થ સમાજ નિર્માણમાં યુવાનોની સક્રિય ભૂમિકાને મજબૂત કરવાનો પણ હતો.



આ જાગૃતિ કાર્યક્રમમાં વક્તાઓએ ડ્રગ્સના શારીરિક, માનસિક અને સામાજિક નુકસાન વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ખાસ કરીને, મેડિકલ પ્રોફેશનલ્સ તરીકે વિદ્યાર્થીઓની જવાબદારીઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો કે તેઓ માત્ર સારવાર જ નહીં, પરંતુ ડ્રગ્સના દૂષણ સામે લડવામાં પણ અગ્રણી ભૂમિકા ભજવે. ડ્રગ્સના સેવનથી થતા ગંભીર સ્વાસ્થ્ય જોખમો અને તેના કાયદાકીય પરિણામો વિશે નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા.

**ચોરીના 4 ટુ વ્હીલર કબ્જે કરી પોલીસે વાહન ચોરીના 6 ગુના ડીટેક્ટ કર્યા**

# ગેંડા સર્કલ તથા ફતેગંજ બ્રિજ નીચે નોકરિયાતે પાર્ક કરેલા ટુ વ્હીલરની ચોરી કરનાર 2 ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.12
વડોદરા શહેરમાં બનતા વાહનચોરીના ગુનાઓ અટકાવવાની તેમજ વડોદરા શહેરમાં વાહનચોરીના ગુનાઓ કરનાર ચોરને શોધી કાઢવા માટે ક્રાઈમ બ્રાંચની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમ્યાન મળેલી માહીતીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે હરણી વારસીયા રીંગ રોડ ખાતેથી અગાઉ વાહન ચોરીઓના ગુનાઓમાં પકડાયેલા રીઢા ચોર દુર્ગેશ ગીરીશકુમાર ઠાકોર (રહે. જયનારાયણ કુંજ સોસાયટી છાણી ગામ વડોદરા મુળ રહે.શ્રધ્ધા પાર્ક સોસાયટી, હરણી વારસિયા રીંગ રોડ, વડોદરા)ને શંકાસ્પદ બાઈક સાથે ઝડપી પાડ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે તેની પાસેથી મોટર સાયકલના પેપર્સ કે આધાર પુરાવા માંગતા તેની પાસે ન હતા. જેથી આ તેની કડકાઈથી પુછપરછ કરતાં તેણે ગોરવા ગેંડા સર્કલ અને ફતેગંજ બ્રીજ નીચેના ભાગને ટાર્ગેટ કરી મોટા ભાગે વડોદરા શહેરમાં રહેતા અને નોકરીના કામે વડોદરા શહેરથી બહાર જતા નાગરીકો તેમની મોટર સાયકલ ગેંડા સર્કલ પાસે તેમજ ફતેગંજ બ્રીજ નીચે પાર્ક કરતા હોય છે. તેને આ પાર્ક કરેલા વાહનો પૈકી ચાર બાઈક ચોરી કર્યા બાદ હાથીખાના ખાતે રહેતા નોમાન સબ્બીર વ્હોરા તેમજ અન્ય વ્યક્તિને આપ્યા હોવાનું જણાવ્યું હતું. આ બન્ને ઈસમોને શોધી કાઢી તેમની પાસેથી ત્રણ મોટર સાયકલ કબજે કરાઈ છે. આ ચોરીના વાહનો લેનાર નોમાન વ્હોરાનાએ આરોપી દુર્ગેશ ઠાકોર પાસેથી આર્થીક ફાયદા માટે લીધેલ ચોરીના વાહનો પૈકીની એક બાઈકને સ્ક્રેપમાં તોડી નાંખેલાનુ અને એક ચોરીની બાઈક અન્ય વ્યક્તિને આપી દીધી હતી. ગોરવા અને ફતેગંજ પોલીસ સ્ટેશનના 6 વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચાર બાઈક મળી રૂપે 1.26 લાખનો મુદ્દા માલ કબજે કરીને જે તે પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે.




**ઇન્ડિયા-ન્યુઝિલેન્ડની ક્રિકેટ મેચમાં મોબાઇલ ચોરવા યુપીની ગેંગ વડોદરા આવી પહોંચી**

# કોટંબી ખાતે ઉમટેલી મેદની પાસેથી ચોરી કરેલા મોબાઈલના રૂ.1.26 લાખના મુદ્દામાલ સાથે ગેંગ ઝડપાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.12
કોટંબી સ્ટેડિયમ ખાતે યોજાયેલી ઈન્ડિયા અને ન્યુઝિલેન્ડ વચ્ચેની રોમાંચક મેચ જોવા માટે મોટી સંખ્યામાં લોકો રાજ્ય તથા શહેર બહારથી આવ્યાં હતા. જેમાં કેટલાક લોકો ટ્રેન મારફતે પણ વડોદરા પહોંચ્યાં હતા. આ ક્રિકેટ મેચ દરમિયાન મોબાઈલ ચોરીના અનેક બનાવો પોલીસ ચોપડે નોંધાયા હતા. જેમાં સયાજીગંજ પોલીસે રેલવે સ્ટેશન તથા સેન્ટ્રલ એસટી ડેપો સહિતના વિસ્તારમાં પેટ્રોલિંગ સઘન કરવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન 11 જાન્યુઆરીના રોજ પેટ્રોલિંગમાં ફરી રહેલા સ્ટાફને બાતમી મળી હતી કે સયાજીગંજ ધ કોર્નર શોપ મેડીકલ સામે જમવાની લારી પાસે ત્રણ શખ્સો ચોરીના મોબાઈલ ફોન કોઈને વેચવા માટે ઉભા છે.

જેના આધારે સયાજીગંજ પોલીસની ટીમે બાતમી મુજબના સ્થળ પર જઈને તપાસ કરતા 3 શખ્સોને ઝડપી પાડ્યાં હતા. તેમની અંગઝડતી કરતા 9 મોબાઈલ મળી રૂપીયા રૂ. રૂ. 5.09 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ મોબાઈલ બાબતે પુછપરછ કરતા તેમણે તમામ મોબાઈલ ફોન પૈકીનો સેમસંગ કંપનીનો મોબાઈલ સયાજીગંજ રેલ્વે સ્ટેશન ઈનગેટ સામે આવેલા શોપીંગ સેન્ટરની રજવાડી ચાની દુકાન પરથી ચોરી કર્યો હતો. ઝડપાયેલા આરોપીઓમાં સુબુર ફાયક પઠાણ (રહે.હમદર્દનગર સેક્ટર બી ફાતીમા સ્કૂલની પાસે તા. કોલ જી. અલીગઢ રાજ્ય (ઉત્તરપ્રદેશ) ખાલીદ નિયાઝ મેવાતી (રહે. ઔરંગાબાદ ટાઉનશીપ, મેવાતી મહોલ્લા તા.જી મથુરા રાજ્ય (ઉત્તરપ્રદેશ) રાશીદ શમસાદ નાઈ (હાલ રહે.જમાલપુર ફાટક, બીજલઘરની પાસે તા. બંદાદેવી જી. અલીગઢ ઉત્તરપ્રદેશ મુળ રહે. બિહાર)નો સમાવેશ થાય છે.

**પોલીસે કબ્જે કરેલો મુદ્દામાલ**

- એક સેમસંગ કંપની 5-25 અલ્ટ્રા મોબાઇલ રૂ.1.42 લાખ
- એક સેમસંગ કંપનીનો S-24 અલ્ટ્રા મોબાઇલ રૂ.80 હજાર
- એક એપલ કંપનીનો 15-PRO મોબાઇલ રૂ. 72 હજાર
- એક એપલ કંપનીનો 17-PRO MAX મોબાઇલ રૂ.1.26 લાખ
- એક ટેકનો કંપનીનો POVA CURVE મોબાઇલ રૂ.2 હજાર
- એક વન પ્લસ કંપનીનો વન પ્લસ 10 R 5g મોબાઇલ રૂ.10 હજાર
- એક રેડમી કંપનીનો REDAMI NOTE 12 5G મોબાઈલ રૂ.10 હજાર
- એક એપલ કંપનીનો - 13 મોબાઇલ રૂ. 65 હજાર .
- એક ઇન્ફીક્સ કંપનીનો INIFINIX NOTE 50 S મોબાઇલ રૂ.2 હજાર

**નશાની હાલતમાં અકસ્માત સર્જાયો હોવાની શંકા**

# તરસાલી-કપુરાઈ હાઈવે પર કાળમુખી આઈસરે બાઈક સવારોને કચડ્યા, એકનું મોત, એક ગંભીર

અકસ્માત સર્જી આઈસર ચાલક ફરાર, પોલીસ દ્વારા CCTVના આધારે શોધખોળ શરૂ



(પ્રતિનિધિ) વડોદરા, તા.12
વડોદરા શહેર અને જિલ્લામાં માર્ગ અકસ્માતોની હારમાળા યથાવત રહી છે. શહેરના તરસાલીથી કપુરાઈ તરફ જતા હાઈવે પર રવિવારે સાંજના સમયે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતા એક આઈસર ચાલકે બાઈક પર સવાર બે યુવકોને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે.

મળતી માહિતી મુજબ, રવિવારે મોડી સાંજે તરસાલી હાઈવે પરથી બે યુવકો પોતાની બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી ધસમસતા આવેલા આઈસર ડમ્પરના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈક સવાર બંને યુવકો રોડ પર ફંગોળાયા હતા. જેમાં એક યુવક આઈસરના પૈડા નીચે આવી જતાં તેનું સ્થળ પર જ પ્રાણપંખેરુ ઊડી ગયું હતું. અકસ્માતને પગલે હાઈવે પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.અકસ્માત બાદ આઈસર ચાલક પોતાનું વાહન લઈ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. સ્થાનિક રાહદારીઓએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરતા ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ગંભીર રીતે ઘાયલ યુવકને તાત્કાલિક એસ.એસ. જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ચાલક નશામાં હતો કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ પોલીસે આસપાસના CCTV ફૂટેજ મેળવી ફરાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.